THE TIMES OF INDIA
આઈ એમ ગુજરાત

# સાવધાન! કેનેડાના વિઝાને નામે અમદાવાદમાં થઈ રહી છે મોટી છેતરપિંડી.



ગુજરાતી યુવાનોમાં વિદેશ જવાનો જબરો ક્રેઝ જોવા મળે છે. ઘણા ગુજરાતી યુવાનો યેન કેન પ્રકારેણ વિદેશ જવાની તક શોધતા હોય છે. અમદાવાદનો 32 વર્ષનો જયેશ પટેલ તેનું લેટેસ્ટ ઉદાહરણ છે. તે 81 વર્ષના વૃદ્ધનો વેશ ધારણ કરીને ખોટા પાસપોર્ટ પર અમેરિકા જવાની પેરવીમાં હતો અને એરપોર્ટ પર છેલ્લી ઘડીએ ઝડપાઈ ગયો હતો. આ જ કારણ છે કે વિદેશના વિઝા અને વર્ક પરમિટના નામે ગુજરાતમાં મોટા પાયે છેતરપિંડી ચાલે છે. અમેરિકા પછી લોકોમાં કેનેડા જવા માટે પણ ખાસ્સુ ગાંડપણ જોવા મળે છે. આવામાં IELTSમાં બેન્ડ ઓછા હોય, એક્સપ્રેસ એન્ટ્રીમાં પૂરતા પોઈન્ટ ન થતા હોય તો પણ કેનેડાના વિઝા અપાવવાની લાલચ આપીને અનેક વિઝા કન્સલ્ટન્ટો ગ્રાહકો પાસેથી હજારો-લાખો રૂપિયા ખંખેરી રહ્યા છે. અરે, તેઓ છાપામાં પણ આવી જાહેરાતો આપતા ખચકાતા નથી. જો તમે પણ વિદેશ જવાનું પ્લાનિંગ કરતા હોવ તો આ પ્રકારના ફ્રોડથી બચીને જ રહેજો.

**અમદાવાદના અગ્રણી વિઝા કન્સલ્ટન્ટ પંકજ પટેલ** જણાવે છે, "કેનેડાના વિઝા અપાવવાના નામે મુખ્ય ત્રણ પ્રકારે છેતરપિંડી થાય છે. એક તો વિઝિટર વિઝામાંથી વર્ક પરમિટ અપાવવી, LMIA પ્રોસેસથી વર્ક પરમિટ અપાવવી અને એટલાન્ટિક ઈમિગ્રેશન પાઈલટ પ્રોજેક્ટ અંતર્ગત કેનેડાની કંપનીમાં નોકરી અપાવવી. કન્સલ્ટન્ટ્સ આ ત્રણ સ્કીમ અંતર્ગત કેનેડાના વિઝા અપાવવાની લાલચ આપીને ગ્રાહકો પાસેથી હજારો-લાખો રૂપિયા ફી પેટે ઊઘરાવી લે છે. આ ફી ભરનારા લોકોમાંથી ભાગ્યે જ કોઈને કેનેડા જવાનો મોકો મળે છે. મોટા ભાગના લોકોની ફી સાવ વેસ્ટ જ જાય છે."

**આવો સમજીએ કે કન્સલ્ટન્ટ કેવી રીતે ગ્રાહકોને બોટલમાં ઉતારે છે.**

આ એ લોકો માટે છે જેના એક્સપ્રેસ એન્ટ્રીમાં કેનેડા જવા માટે પૂરતા પોઈન્ટ્સ ન થતા હોય કે પછી IELTSમાં જરૂરી બેન્ડ ન આવતા હોય અથવા તો IELTS ક્રેક કરવાની ક્ષમતા જ ન હોય. આવામાં કન્સલ્ટન્ટ ગ્રાહકને કહે છે કે તે તેને વિઝિટર વિઝા અપાવશે અને પછી તેને કેનેડાની વર્ક પરમિટ અપાવી ત્યાં સેટ થવામાં મદદ કરશે. આ માટે તે વ્યક્તિ દીઠ 40,000 જેવી તોતિંગ ફીઝ વસૂલે છે. આથી જો પતિ-પત્ની બંને અરજી કરે તો 80,000 અને બાળકો હોય તો તો 1.60 લાખ જેટલો પણ ખર્ચો થાય છે. કન્સલ્ટન્ટ ગ્રાહકને વાયદો કરે છે કે વિઝિટર વિઝા પર તે કેનેડા ઉતરશે પછી તેમને ત્યાં જોબ મળશે. એમાંથી જે પગાર મળે તેમાંથી તેમણે 4થી 8 લાખ રૂપિયા ઈન્સ્ટોલમેન્ટમાં કન્સલ્ટન્ટને પાછા ચૂકવવાના રહેશે. કેનેડાની તગડી આવક સામે ગ્રાહકને 40,000 રૂપિયાની ફી સામાન્ય લાગે છે અને તે આ ફી ભરવા તરત જ રાજી બની જાય છે. ત્યાર પછી કન્સલ્ટન્ટ એપ્લિકન્ટની પ્રોફાઈલ બનાવે છે જે મહદંશે રિજેક્ટ થાય છે. કન્સલ્ટન્ટ છેલ્લી ઘડીએ અરજદારને બેન્ક બેલેન્સ પણ વધારવા કહે છે. આ બધું જોઈને કેનેડાથી અરજી લગભગ રિજેક્ટ જ થઈ જાય છે. કન્સલ્ટન્ટને ગ્રાહક પાસેથી 40થી 80,000 રૂપિયા મળી જાય છે અને ગ્રાહકને પૈસા ખર્ચીને હતાશ થવાનો વારો આવે છે.

પંકજ પટેલ જણાવે છે, "સામાન્ય રીતે કોઈ સ્ટાન્ડર્ડ કન્સલ્ટન્ટ વિઝિટર વિઝા માટે 5000થી વધુ ફી વસૂલતો જ નથી. પરંતુ અમુક કન્સલ્ટન્ટ વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી વિઝિટર વિઝાની ફી પણ 40,000 જેટલી ઊંચી વસૂલી રહ્યા છે. જો ગ્રાહક એમ કહે કે તેની પાસે પહેલેથી વિઝિટર વિઝા છે જ, તેને ફક્ત વર્ક પરમિટની જરૂર છે તો આવો કેસ કન્સલ્ટન્ટ્સ હાથમાં જ નથી લેતા."

અમદાવાદના જાણીતા વિઝા કન્સલ્ટન્ટ વિનોદ ગાંબટ્ટ પણ આ વાતમાં હામી પૂરાવતા કહે છે, "અહીંથી ઘણા કન્સલ્ટન્ટ કેનેડાના ખોટા જોબ લેટર આપે છે. જ્યારે વ્યક્તિ ઈમિગ્રેશનમાં એ લેટર ચેક કરાવે તો ફ્રોડ હોવાનું ખબર પડે છે. અનેક કન્સલ્ટન્ટ્સ ગ્રાહકો પાસેથી લાખો રૂપિયા વસૂલીને ભાગી જાય છે. તેમના પર પોલીસ કેસ કરવામાં આવે તો પણ રૂપિયા તો પાછા મળતા જ નથી."

કેનેડા સરકારની લેબર માર્કેટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ (LMIA) સ્કીમ અમદાવાદના અમુક વિઝા કન્સલ્ટન્ટો માટે લોકો પાસેથી લાખો રૂપિયા કમાવાનું માધ્યમ બની ગઈ છે. આ સ્કીમમાં કેનેડાની કોઈ કંપનીને અમુક પ્રોફાઈલના માણસની જરૂર હોય અને કેનેડામાંથી એ ન મળતો હોય તો વિદેશથી વ્યક્તિને બોલાવવાની પરમિટ મળે છે. આ સ્કીમમાં કેનેડાની કંપનીએ ત્યાંના છાપામાં ત્રણ વખત જાહેરાત આપવી પડે છે, પછી પણ કોઈ સ્થાનિકની અરજી ન મળે ત્યારે તે વિદેશથી વ્યક્તિ બોલાવી શકે છે. એમાંય વિદેશથી જે કેન્ડિડેટની પ્રોફાઈલ આવે તેની ચકાસણી કેનેડાના ઑફિસર કરે છે. આ પ્રક્રિયા ઘણી લાંબી છે અને ભારતથી તેમાં કોઈનું સીધુ સિલેક્શન થવાના ચાન્સ લગભગ નહિવત્ છે. જો કે અમદાવાદના વિઝા કન્સલ્ટન્ટ ગ્રાહકોને આંબા આમલી બતાવીને આ સ્કીમ અંતર્ગત અરજી કરવા માટે 4-5 લાખ એડવાન્સ લઈ લે છે અને લગભગ કોઈને પણ કેનેડા જવાનો મોકો મળતો નથી. પરંતુ LMIAને નામે વિઝા કન્સલ્ટન્ટ કંપનીઓ ધમધોકાર ચાલતી રહે છે.

સિનિયર કન્સલ્ટન્ટ પ્રસન્ના આચાર્ય જણાવે છે, "આ સ્કીમ અંતર્ગત વિદેશથી એમ્પલોયીને બોલાવવા માટે કેનેડાની કંપનીએ તે કયા પ્રકારનું કામ કરે છે, કેટલું ટર્ન ઓવર છે, તેની કંપનીમાં કેટલા લોકો કામ કરે છે, તેણે વિદેશની વ્યક્તિને નોકરી પર રાખવા કેનેડાના કોઈ વ્યક્તિને નોકરીમાંથી તો નથી કાઢ્યો ને વગેરે પુરાવા આપવા પડે છે. સાથે જ એ સાબિત કરવુ પડે છે કે જો વિદેશથી વ્યક્તિને રિક્રુટ કરવામાં નહિ આવે તો તેને ખોટ જશે. કેનેડાની સરકાર પહેલા તો કંપનીને કેનેડાના બેરોજગારોનું લિસ્ટ આપે છે. તેમાં જો કોઈ વ્યક્તિ પ્રોફાઈલમાં ફિટ બેસતી હોય તો વિદેશથી વ્યક્તિને બોલાવવાનો પ્રશ્ન જ નથી ઊભો થતો. હવે, કોઈ વિદેશી વ્યક્તિને હાયર કરવા માટે કંપની પોતાની બધી જ વિગતો સરકાર સામે જાહેર કરી દે તેવી શક્યતા નહિવત્ છે." આચાર્ય વધુમાં એમ પણ જણાવે છે

કે કેનેડાના સ્ટુડન્ટ વિઝા લઈને ત્યાં ભણેલા ભારતીય વિદ્યાર્થીઓને કેનેડાનું એજ્યુકેશન અને ત્યાંનો અનુભવ હોવા છતાંય પોતાની પ્રોફાઈલની સારી નોકરી શોધવામાં તકલીફ પડે છે. આવામાં આ સ્કીમ અંતર્ગત ભારતની યુનિવર્સિટીમાં ભણેલા, કેનેડાનો નહિવત્ અનુભવ ધરાવતા કોઈ વ્યક્તિને કેનેડાની કંપની તગડા પગારની જોબ આપી દેશે એ માની લેવુ ભૂલ ભરેલુ છે.

AIPP કે એટલાન્ટિક ઈમિગ્રેશન પાયલટ પ્રોજેક્ટ પણ કેનેડા સરકારની જ એક સ્કીમ છે જે નોવા સ્કોટિયા, ન્યુ બ્રુન્સવિક પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ અને ન્યુ ફાઉન્ડ લેન્ડ એન્ડ લેબ્રાડોરમાં લાગુ પડે છે. અહીં વિદેશથી વર્કર બોલાવવા માટે લાંબી પ્રોસેસ નથી કરવી પડતી. કંપનીએ ફક્ત સાબિત કરવાનું રહે છે કે તેમને જે લોકલ પ્રોફાઈલની જરૂર છે તે તેમને સ્થાનિક માર્કેટમાંથી મળતી નથી. રાજ્ય સરકાર એપ્રુવ કરે પછી વ્યક્તિને કેનેડાની કંપની તરફથી જોબ ઑફર કે ઈન્વિટેશન મળે છે અને ઈન્ટરવ્યુ શિડ્યુલ થાય છે. સાધારણ જોબ માટે 50 અને મેનેજર લેવલની જોબ માટે 200 પોઈન્ટ મળે છે. હવે કન્સલ્ટન્ટ ગ્રાહક પાસેથી તગડી ફી વસૂલીને CANADA JOB BANK નામની વેબસાઈટ પર તેનું ID બનાવે છે. ઈન્ટરવ્યુ માટે તૈયારી કરાવીને ગ્રાહકને નોકરી મળી જ જશે તેવો ભરોસો પણ અપાવે છે. વાસ્તવમાં આ પ્રક્રિયા વ્યક્તિ પોતે પણ આ વેબસાઈટ પર જઈને એક પણ રૂપિયો ખર્ચ કર્યા વિના કરી જ શકે છે. અરજી કર્યા પછી ભાગ્યે જ કોઈને કેનેડાની કંપનીનો જવાબ આવે છે. પરંતુ વિઝા કન્સલ્ટન્સી કંપનીઓ ગ્રાહકોને વાસ્તવિકતાથી પરિચિત કરાવાને બદલે તેમને ખોટી આશા દેખાડી તેમની પાસેથી લાખો રૂપિયા ફી પેટે વસૂલતી રહે છે.

કન્સલ્ટન્ટ વિનોદ ગાંબટૂ લોકોને સ્પષ્ટ સલાહ આપે છે, "કેનેડાના વિઝા અંગે જાણકારીના અભાવે લોકો ગેરમાર્ગે ફંટાઈ જાય છે અને પરિણામસ્વરૂપે તેમના લાખો રૂપિયા વેડફાઈ જાય છે. કેનેડા જવા માંગતા દરેક વ્યક્તિએ યાદ રાખવું જોઈએ કે સીધેસીધું કામ સ્ટુડન્ટ વિઝા, 440થી વધુ સ્કોર હોય કે પછી IELTSમાં 8,7,7,7નો સ્કોર હોય તેવા લોકોને એક્સપ્રેસ વિઝા અને PNPમાં જ થાય છે. જો કોઈ કન્સલ્ટન્ટ તમને કહે કે આ કાબેલિયત ન હોય છતાંય ત્યાંનો જોબ લેટર અપાવશે કે વર્ક પરમિટ અપાવશે તો તેમાં છેતરપિંડીની શક્યતા ઘણી વધારે રહેલી હોય છે."

**REFER THIS ARTICLE ON**

https://www.iamgujarat.com/latest-news/ahmedabad-news/other/canada-visa-work-permit-fraud-you-must-be-aware-of-460866/